ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત

## પબ્લીક નોટીસ

## ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (ગુજરાત વીજળી વિતરણ-સંહિતા)-(ત્રીજો સુધારો)-૨૦૧૭

વિદ્યુત અધિનિયમ -૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધ્યાય) ની કલમ-૮૬ (સી), (ઇ) અને (આઇ) અન્વયે તથા ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ-૨૦૦૩ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ-૨૪) ની કલમ ૪૨ (બી) અન્વયે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વીજળી વિતરણ સંહિતા (ત્રીજો સુધારો)-૨૦૧૭ તૈયાર કરેલ છે. સદર સંબંધિત સુધારેલ વિનિયમો આયોગની વેબસાઇટ: www.gercin.org પર મુકવામાં આવેલ છે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત વીજળી વિતરણ સંહિતા (ત્રીજો સુધારો)-૨૦૧૭ માં દરખાસ્ત કરવામાં આવેલ સુધારા અંગેજે વ્યક્તિઓ પોતાના વાંધા/સુચનો રજુ કરવા ઇચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે વાંધાઓ/સુચનોની પાંચ નકલો જરૂરી સોગંધનામા સાથે તા.૨૯/૦૫-/૨૦૧૭ સુધીમાં સચિવ, ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, રોડ-૫-સી, ઝોન-૫, ગીફ્ટ-સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૩૫૫ ને મોકલી આપવા. તા.૨૯/૦૫/૨૦૧૭ બાદ પ્રાપ્ત થયેલ વાંધાઓ/સુચનોને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં. આખરી નિર્ણય વાંધાઓ/સુચનોને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.

વાંધા/સૂચનો પરની સુનાવણી તા. ૦૬/૦૬/૨૦૧૭ ના રોજ ૧૧:૩૦ કલાકે આયોગ ની કચેરીએ રાખેલ છે.

-સહી-

(રૂપવંત સિંહ, આઇ.એ.એસ)

તા.૦૯/૦૫/૨૦૧૭ — સચિવ,

ગાંધીનગર — જીઈઆરસી